# જિલ્લા શિક્ષણાધિકારી કચેરી

સત્યમેવ જયતે

જિલ્લા સેવા સદન–૨,એનેક્ષી બિલ્ડીંગ, એસ.૪,૫,૬,ભાવનગર
ફોન નં.(૦૨૭૮) ૨૪૨૬૬૨૯, મો. ૯૯૦૯૯૭૦૨૧૨
Email : bhavdeo@gmail.com, Blog: http://deobhav.blogspot.com/

150 YEARS OF CELEBRATING THE MAHATMA


ક્રમાંક: યોજના/NSS/૨૦૧૮ તા.૨૦/૧૧/૨૦૧૮

પ્રતિ,
આચાર્યશ્રી
માધ્યમિક તથા ઉચ્ચતર માધ્યમિક શાળાઓ તમામ
જિ. ભાવનગર

વિષય : શાળા તેમજ કૉલેજમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓના શિષ્યવૃત્તિનાં ફોર્મ ઓન લાઇન ભરવા બાબત

સંદર્ભ : ઉચ્ચ શિક્ષણ કમિશનરની કચેરી પત્રાંક હ-૨/સ્કો/૨૦૧૮/૩૩૯૫-૩૮૯૪, તા. ૦૫/૧૧/૨૦૧૮

જય ભારત સાથે ઉપરોક્ત વિષય સંદર્ભે જાણ અને યોગ્ય કાર્યવાહી કરવા સારૂં.

બિડાણ: સંદર્ભદર્શિત પત્રની નકલ

જિલ્લા શિક્ષણાધિકારી
ભાવનગર

નકલ રવાના અમલવારી સારૂ:
શિ.ની.શ્રી/મ.શિ.ની.શ્રી
સદર કચેરી

Scanned by CamScanner

561

ક્રમાંકઃ ઉ-૨/સ્કો/૨૦૧૮/૩૩૯૫ -૩૯૯-૪
ઉચ્ચ શિક્ષણ કમિશનરની કચેરી,
ડૉ. જી. મ. ભવન, બ્લોક નં.૧૨,
ગાંધીનગર
તા.૦૫ /૧૧/૨૦૧૮

પ્રતિ,

- આચાર્યશ્રી,
  સરકારી તેમજ બિન સરકારી કોલેજો...તમામ...
- જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,
  જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી,
  તમામ જિલ્લા..

વિષયઃ- શાળા તેમજ કોલેજોમાં અભ્યાસ કરતા વિધાર્થીઓના શિષ્યવૃત્તિના ફોર્મ ઓન લાઈન ભરવા બાબત..

સંદર્ભઃ- શ્રી ટી.ડી.કાચા, પૂર્વ મંત્રીશ્રી, ઉ.મા.શિ.સંઘ, પોરબંદરનો તા.૨૦/૯/૨૦૧૮

સવિનય ઉપર્યુક્ત વિષય તથા સંદર્ભ દર્શિત પત્રથી અત્રેની કચેરી ખાતે થયેલ રજૂઆત અન્વયે જણાવવાનું કે આપના જિલ્લાની દરેક શાળા તથા કોલેજોમાં શિષ્યવૃત્તિની કામગીરી સંભાળતા કર્મચારી તથા જે તે સંસ્થાના આચાર્યશ્રીએ પોતાની શાળાના વિધાર્થીઓને માર્ગદર્શન આપીને તેઓના શિષ્યવૃત્તિના ફોર્મ આ બાબતની જાણકારી ધરાવતા કર્મચારીની મદદથી ભરાવવાના હોય છે. પરંતુ આ બાબતનું પૂરેપૂરું પાલન થતું નથી અને વિધાર્થીઓને માત્ર ફોર્મ ભરવાની સૂચના જ આપી દેવાતી હોય છે, જેના કારણે ઘણાખરા વિધાર્થીઓ ફોર્મ ભરી શકતા નથી અને કેટલાક વિધાર્થીઓને બહાર જઈને ફોર્મ ભરવા પડે છે. જેના કારણે વિધાર્થીઓને આર્થિક નુકશાન થાય છે. પરિણામે ખૂબજ ઓછા વિધાર્થીઓ ફોર્મ ભરતા હોય છે અને સરકારી યોજનાનો પૂરો લાભ લઈ શકતા નથી. જેથી આપના જિલ્લાની શાળાઓ કે આપની કોલેજના વિધાર્થીઓને શિષ્યવૃત્તિના ફોર્મ આપની જ સંસ્થાના શિષ્યવૃત્તિની કામગીરી સંભાળતા જાણકાર કર્મચારીની મદદથી જ વિધાર્થીઓને સાથે રાખીને આપની સંસ્થામાં જ ફોર્મ ભરાવવામાં આવે તો વિધાર્થીઓને થતું આર્થિક નુકશાન અટકાવી શકાશે અને સરકારશ્રીની યોજનાનો પૂરેપૂરો લાભ લઈ શકાશે. આમ શાળા કે કોલેજ ખાતે જ વિધાર્થીઓના શિષ્યવૃત્તિના ઓન લાઈન ફોર્મ ભરવા માટેની વ્યવસ્થા કરવા જણાવવામાં આવે છે.

નાયબ નિયામક
ઉચ્ચ શિક્ષણ કમિશનરની કચેરી
ગુ.રા.ગાંધીનગર

નકલ રવાના :-

- શ્રી ટી.ડી.કાચા, પૂર્વ મંત્રીશ્રી, ઉ.મા.શિક્ષક સંઘ, ૪/ભોજેશ્વર પ્લોટ, પોરબંદર તરફ જાણ સારૂ..

Scanned by CamScanner